ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર:રસય/૦૧/યુનિ.કક્ષા/સ્વયં.ફા/૨૦૨૪-૨૫/ 11456-60 તા.19/૦૮/૨૦૨૪

:: વંચાણે લીધા ::

(૧) અત્રેની કચેરીના તા.૧૩/૦૬/૨૦૨૪ના આદેશ ક્ર:રસય/૦૧/યુનિ.કક્ષા/સ્વયં.ફા/૨૦૨૪-૨૫/૮૩૪૯-૮૪૯૧

(૨) સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનીવર્સીટી,ડેસર,જિ.વડોદરાનો તા.૨૭/૦૬/૨૦૨૪નો પત્ર

(૩) મોનાર્ક યુનીવર્સીટી,મુ.વહેલાલ,નરોડા-દહેગામ રોડ, તા.દસક્રોઈ અમદાવાદનો તા.૨૮/૦૬/૨૦૨૪નો પત્ર

(૩) લોકભારતી યુનીવર્સીટી ફોર રૂરલ ઈનોવેશન,મુ.સણોસરા,તા.સિહોર ,જિ.ભાવનગરનો તા.૨૬/૦૭/૨૦૪ નો પત્ર

(૪) શ્રી ગોવિંદ ગુરૂ યુનીવર્સીટી,ગોધરાનો તા.૧૨/૦૮/૨૦૨૪નો પત્ર

:: કચેરી આદેશ ::

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ ગુજરાત રાજય સાથે સંકળાયેલ વિવિધ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને આ પ્રવૃત્તિમાં આવરી લેવા નિયમિત પ્રવૃત્તિ અને ખાસ શિબીર માટે આમુખ-૧માં દર્શાવેલ તા.૧૩/૦૬/૨૦૨૪ આદેશથી સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે સ્વયંસેવકોની ફાળવણી કરવામાં આવેલ છે.

સદરહુ ફાળવણી થયા બાદ સંદર્ભ-૨ થી ૫ માં દર્શાવેલ યુનિવર્સિટીઓની નવા યુનિટની તથા કાર્યરત યુનિવર્સિટીઓએ વધારાની સંખ્યાની માંગણી આવેલ જે સ્વયંસેવકોની ઉપલબ્ધ સંખ્યાને ધ્યાને લઇ સરકારશ્રીએ વખતો વખત નક્કી કરેલ નિયમોને આધિન રહેવાની શરતે નીચે મુજબ સને ૨૦૨૪ -૨૫ના વર્ષ માટે સ્વયંસેવકોની ફાળવણી કરવામાં આવે છે

.:: સને ૨૦૨૪- ૨૫ માટે યુનિવર્સિટીને નવા યુનિટની ફાળવણી::

| ક્રમ | યુનિવર્સીટીનું નામ | નિયમિત પ્રવૃત્તિ | ખાસ શિબિર |
|---|---|---|---|
| ૦૧ | મોનાર્ક યુનીવર્સીટી,મુ.વહેલાલ,નરોડા-દહેગામ રોડ, તા.દસક્રોઈ અમદાવાદ | ૧૦૦ | ૫૦ |
| ૦૨ | લોકભારતી યુનીવર્સીટી ફોર રૂરલ ઈનોવેશન,મુ.સણોસરા,તા.સિહોર ,જિ.ભાવનગર | ૧૦૦ | ૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

સને ૨૦૨૪-૨૫ કાર્યરત યુનીવર્સીટીની વધારાની સંખ્યા ફાળવણી

| ક્રમ | યુનિવર્સીટીનું નામ | નિયમિત પ્રવૃત્તિ | ખાસ શિબિર |
|---|---|---|---|
| ૦૧ | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનીવર્સીટી,ડેસર,જિ.વડોદરા | ૨૫૦ | ૧૨૫ |
| ૦૨ | શ્રી ગોવિંદ ગુરૂ યુનીવર્સીટી,ગોધરા | ૨૦૦ | ૧૦૦ |
| | કુલ | ૪૫૦ | ૨૨૫ |

રાષ્ટ્રીય સેવા યોજનામાં વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાઈને અભ્યાસ સાથે સમાજ સેવા અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ કરે તે યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. આ માટે કરવામાં આવેલ પ્રવૃત્તિઓની કામગીરી અહેવાલ આ કચેરીને મોકલી આપવાની કાળજી રાખવાની રહેશે. કોલેજો દ્વારા કરવામાં આવતી ખાસ શિબીરની અગાઉથી જાણ આ કચેરી તથા રીજીઓનલ ડાયરેક્ટર ઓફ એન.એસ.એસ., અમદાવાદને બિનચૂક કરવાની રહેશે. ચાલુ વર્ષની અત્યાર સુધી કરેલ નિયમિત પ્રવૃત્તિની કામગીરીનો અહેવાલ તાત્કાલિક મોકલી આપવાનો રહેશે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ, નવી દિલ્હીના જણાવ્યા મુજબ સને ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટ સ્વયંસેવકોની સંખ્યા મુજબ ફાળવવામાં આવનાર છે. યુનિવર્સિટીએ પોતાની સંલગ્ન કોલેજો/વિભાગોની માહિતી યુનિવર્સિટી કક્ષાએ સંકલિત કરીને એક જ ઓપન ફાઇલ એક્સેલ શીટમાં સોફ્ટ કોપી તેમજ હાર્ડકોપીમાં તેમજ કોલેજોના યુનીટ દીઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસરોની સંપૂર્ણ વિગતો આ કચેરીને મોકલી આપવાની રહેશે.

જે નવી યુનિવર્સિટીઓને મંજૂરી આપવામાં આવેલ છે તે યુનિવર્સિટીઓએ રાજ્ય સરકારની ગ્રાન્ટ માટે બેન્કની તથા **ZBSA એકાઉન્ટની વિગત તાત્કાલિક મોકલી આપવાની રહેશે.**

બિડાણ: નિયત નમૂનાનું પત્રક

રાજ્ય એન.એસ.એસ.અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

--રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનીવર્સીટી.

-પ્રોગ્રામ કો.ઓર્ડીનેટરશ્રી,સંબંધિત યુનીવર્સીટી .

- રિજિઓનલ ડાયરેક્ટરશ્રી, ડાયરેક્ટરેટ ઓફ એનએસએસ., પ્રથમ માળ, ૭ ગાંધીકુંજ સોસાયટી, કોચરબ આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬.